RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 80* Date: 16.01.2021 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### વડાપ્રધાન મોદી આજે સમગ્ર દેશમાં કોરોના રસીકરણ શરૂ કરાવશે

# સર્વે સંતુ નિરામયાઃ આજથી કોરોના વાયરસ પર વાર

## તમામ રાજ્યોનાં ૩૦૦૦થી વધુ કેન્દ્રોને ડિજીટલ માધ્યમથી કનેક્ટ કરાશે, રસીકરણને લગતા કોઈપણ પ્રશ્નના સમાધાન માટે ૧૦૭૫ હેલ્પલાઈન શરૂ




ન્યુ દિલ્હી,તા.૧૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દેશમાં ૧૬ જાન્યુઆરીએ વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા કોવિડ-૧૯ સામેના રસીકરણને શરૂ કરાવશે અને દેશના બધા રાજ્ય તેમ જ કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્વદેશી બનાવટની બે રસી આપવાનું શરૂ થશે.

વડા પ્રધાનની ઑફિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ‘જન ભાગીદારી’ની સાથે કોરોના સામેનો રસીકરણનો વિશ્વનો સૌથી મોટો કાર્યક્રમ ૧૬ જાન્યુઆરીએ શરૂ કરવા માટે બધી પૂર્વતૈયારી થઇ ગઇ છે.

વડા પ્રધાન દેશભરમાં ૧૬ જાન્યુઆરીએ સવારે ૧૦.૩૦ વાગ્યે રસીકરણનો આ કાર્યક્રમ વીડિયો કૉન્ફરન્સિંગથી શરૂ કરાવશે.

૧૬ જાન્યુઆરીએ દેશમાં કોવિડ-૧૯ વિરુદ્ધ રસીકરણ અભિયાનના પ્રથમ દિવસે ૨,૯૩૪ કેન્દ્રો પર લગભગ ત્રણ લાખ આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવશે. ૫૦૦૦ થી વધુ કેન્દ્રો પર રસીકરણ કરવામાં આવશે. દરેક રસીકરણ સત્રમાં વધુમાં વધુ ૧૦૦ લાભાર્થીઓ રહેશે. તેમના આરોગ્ય કર્મચારીઓના આંકડા અનુસાર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોવિશિલ્ડ અને કોવાક્સિન રસીના ૧.૬૫ કરોડ ડોઝ ફાળવવામાં આવ્યા છે. રસીકરણને લગતા પ્રશ્નોનાં નિકાલ માટે ૨૪ કલાક કાર્યરત હેલ્પલાઈન ૧૦૭૫ શરૂ કરી દેવાઈ છે.

પ્રથમ દિવસે રસી લેનારા ડૉક્ટરો સહિતના આરોગ્ય ક્ષેત્રના કર્મચારીઓની સાથે વડા પ્રધાન મોદી વીડિયો લિંકથી વાતચીત કરે એવી શક્યતા છે. નવી દિલ્હીની ‘એઈમ્સ’ અને સફદરજંગ હૉસ્પિટલે રસીકરણ માટે પોતાના દ્વારા બધી તૈયારી પૂરી કરાઇ હોવાના દાવો કરાયો હતો.

વડા પ્રધાનની ઑફિસે જણાવ્યું હતું કે સરકાર અને ખાનગી ક્ષેત્રના હેલ્થકેર વર્કર્સને રસીકરણમાં પ્રાધાન્ય અપાશે. ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસીસના વર્કર્સને પણ પ્રાથમિકતા આપવામાં આવશે.

અગાઉ, ડ્રગ્સ કધટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયાએ સીરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા તૈયાર કરાયેલી ઑક્સફર્ડ કોવિડ-૧૯ રસીને અને ભારત બાયૉટેક દ્વારા તૈયાર કરાયેલી કૉવેક્સિનને મંજૂરી આપી હતી.

દેશભરમાં આ બન્ને રસીના પૂરતા ડૉઝ મુલકી ઉડ્ડયન મંત્રાલયના સહકારથી પહોંચાડાયા હોવાનો દાવો કરાયો હતો. કોવિડ-૧૯ના રોગચાળા અને તેના રસીકરણને લગતી માહિતી દિવસમાં ૨૪ કલાક મેળવવા માટે કૉલ સૅન્ટરનો ૧૦૭૫ ક્રમાંક ઉપર સંપર્ક કરી શકાય છે. આ ઉપરાંત, રસીકરણ માટે કૉ-વિન નામનું સૉફ્ટવેર પર તૈયાર કરાયું છે.

## અમે નાપાક ઈરાદાઓને સફળ નહીં થવા દઈએઃ સેનાધ્યક્ષ

# અમારા ધૈર્યની પરીક્ષા ન લોઃ સેના દિવસ પર નરવણેનો ચીનને સંદેશ

ન્યુ દિલ્હી,તા.૧૫

સેના દિવસે ભારતીય સેનાના સેનાધ્યક્ષ મનોજ મુકુંદ નરવણેએ ચીન અને પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેઓ અમારા ધૈર્યની પરીક્ષા ન લે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સ્થિત કરિયપ્પા પરેડ ગ્રાઉન્ડમાં પરેડનું નિરીક્ષણ અને સૈનિકોને તેમની વીરતા માટે સન્માનિત કર્યા બાદ નરવણેએ એક સંબોધનમાં બંને પાડોશી દેશોની નાપાક હરકતો અંગે ટિપ્પણી કરી હતી.

સેનાધ્યક્ષે કહ્યુ કે ગત વર્ષ આપણા માટે ખૂબ જ પડકારભર્યું રહ્યું હતું. ઉત્તરની સરહદો પર ચીન સાથે ચાલી રહેલા તણાવથી તમે પરિચિત છો. એક તરફી બદલાવના ષડયંત્રનો ઝડબાતોડ જવાબ આપવામાં આવ્યો છે. તેમણે કહ્યુ કે હું દેશને વિશ્વાસ અપાવવા માગું છું કે ગલવાનના શહીદોની શહીદી વ્યર્થ નહીં જાય. ભારતીય સેના દેશના સન્માન પર કોઈ આંચ નહીં આવવા દે. અમે વાતચીત અને રાજનીતિક પ્રયાસથી વિવાદના સમાધાન માટે પ્રતિબદ્ધ છીએ, પરંતુ કોઈ અમારા ધૈર્યની પરીક્ષા ન લે.

પાકિસ્તાનનો ઉલ્લેખ કરતા સેનાધ્યક્ષે કહ્યુ કે અમે તેમના નાપાક ઈરાદાઓને સફળ નહીં થવા દઈએ. તેમણે કહ્યુ કે નિયંત્રણ રેખા પર પણ દુશ્મનના દરેક નાપાક ઈરાદાનો ઝડબાતોડ જવાબ આપવામાં આવી રહ્યો છે. આતંકીઓને આશરો આપવાની પોતાની આદતથી પાકિસ્તાન લાચર છે. સીમા પર ૩૦૦-૪૦૦ આતંકી ઘૂસણખોરી માટે ટાપીને બેઠા છે. પરંતુ અમે તેમના ઈરાદા સફળ નહીં થવા દઈએ.

સેનાધ્યક્ષે કહ્યુ કે, સેનાના પ્રયાસોથી જમ્મુ-કાશ્મીરમાં ફક્ત હિંસામાં જ ઘટાડો થયો છે એવું નથી પરંતુ તેની સાથે સાથે અહીંના લોકોને પણ આતંકવાદથી રાહત મળી છે.

ભારતીય સેનાના પ્રમુખ જનરલ એમએમ નરવણેએ કહ્યુ કે, સૈન્ય આધુનિકરણની દિશામાં ખૂબ મોટું કામ કરી રહી છે. ઈમરજન્સી અને ફાસ્ટ ટ્રેક યોજનાઓ અંતર્ગત સેનાએ લગભગ ૫,૦૦૦ કરોડ રૂપિયાના ઉપકરણો ખરીદ્યા છે. આ ઉપરાંત ગત વર્ષે ૧૩ હજાર કરોડ રૂપિયાના ઉપકરણો ખરીદવા માટે કોન્ટ્રાક્ટ કરવામાં આવ્યો છે.

## દિલ્હીને ૨.૭૪ લાખ કોરોના વેક્સિનને ડોઝ મળ્યાઃ મુખ્યમંત્રી કેજરીવાલ



ન્યુ દિલ્હી,તા.૧૫

સમગ્ર દેશમા કોરોના વાઈરસના સંક્રમણથી બચવા માટે રસીકરણના અભિયાનની તૈયારી કરવામા આવી રહી છે. દેશની રાજધાની દિલ્હીમા રસીકરણની યોજનાની તૈયારી થઈ ગઈ છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૧૪ જાન્યુઆરીએ જણાવ્યુ કે અત્યારે દિલ્હીના ૮૧ સેન્ટર પર કોરોના વેક્સિન લગાવવામા આવશે. શરૂઆતમા દરેક સેન્ટર પર ૧૦૦ લોકોને રસી લગાવવામા આવશે.

આવનારા કેટલાક દિવસોમા ૧૭૫ ફરી ૧૦૦૦ સેન્ટર પર કોરોના વેક્સિનેશનનો કાર્યક્રમ ચાલુ કરવામા આવશે. કેન્દ્રએ કોરોના વેક્સિનના ૨,૭૪,૦૦૦ ડોઝ મળવાની વાત કરી છે. સાથે તેમણે કહ્યુ કે કોરોનાની રસી અઠવાડિયાના ૪ દિવસ એટલે કે સોમવાર, મંગળવાર, ગુરૂવાર અને શનિવારે લગાવવામા આવશે. જેની શરૂઆત જાન્યુઆરીથી થશે.

હજુ સુધી અમને કેન્દ્ર પાસેથી વેક્સિનના ૨,૭૪,૦૦૦ ડોઝ મળ્યા છે. પ્રત્યેક વ્યક્તિને બે ડોઝ આપવામા આવશે. તેમણે કહ્યુ કે, અમને ૧૦% એક્સ્ટ્રા ડોઝ મળ્યા છે. એવામા ૨,૭૪,૦૦૦ ડોઝ લગભગ ૧,૨૦,૦૦૦ સ્વાસ્થ્ય કર્મચારીઓ માટે પર્યાપ્ત છે.

ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી કે, કોરોના રસીકરણ અભિયાનના પહેલા સ્ટેજમા ત્રણ કરોડ લોકો, સ્વાસ્થ્ય કર્મચારીઓ અને ફ્રન્ટ લાઈનના કર્મચારીઓના રસીકરણનો ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવશે. સાથે જ તેમણે સ્પષ્ટ કર્યુ કે આ સ્ટેજમા જનપ્રતિનિધિઓનો સમાવેશ કરવામા નહીં આવે.

## પાકિસ્તાને સીઝફાયર કરતા ભારતે જડબાતોડ જવાબ આપ્યો

# પાક.ના વઝીરિસ્તાન પ્રાંતમાં સેના-બળવાખોરો વચ્ચે એન્કાઉન્ટર : ત્રણ જવાનોના મોત

ઈસ્લામાબાદ,તા.૧૫

પાકિસ્તાનના વઝીરિસ્તાન પ્રાંતમાં સેના અને બળવાખોરો વચ્ચેના ભીષણ એક્રાઉન્ટરમાં ત્રણ જવાનોના મોત થયા છે. આ વિસ્તારમાં પાકિસ્તાની સેનાએ ત્રણ દિવસની અંદર બીજી વાર પોતાના જવાનો ગુમાવ્યા છે. બીજી તરફ જમ્મુ-કાશ્મીરમાં સતત સીઝફાયરનું ઉલ્લંઘન કરીને ગોળીબાર કરનારી પાકિસ્તાની સેનાને ભારતીય સૈનિકોની કડક કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો. આમાં પાકિસ્તાની સેનાના એક જવાનનું મોત થયું હતું. પાકિસ્તાની સેના એ એક નિવેદન રજૂ કરીને કહ્યું કે ઉત્તર વઝીરીસ્તાનના કબાયલી વિસ્તારમાં વિદ્રોહીઓની સાથે અથડામણમાં ત્રણ જવાન મરી ગયા છે. સેના એ કહ્યું કે પહેલી ઘટનામાં ગુપ્તચર માહિતીના આધાર પર પાકિસ્તાની સૈનિકોએ ઉત્તરી વઝીરીસ્તાનમાં બે ઓપરેશન ચલાવ્યા જેમાં બે શંકાસ્પદ વિદ્રોહી મરી ગયા. આ દરમ્યાન વિદ્રોહીઓએ જોરદાર ગોળીબાર શરૂ કરી દીધો જેમાં ૩ સૈનિકો મરી ગયા.



ડોનના અહેવાલ મુજબ વિદ્રોહીઓએ બે દિવસ પહેલા જ ઉત્તર વજીરિસ્તાનના સ્પિનવામ વિસ્તારમાં સુરક્ષા ચોકી પર હુમલો કર્યો હતો, જેમાં બે સૈનિકો માર્યા ગયા હતા અને એકને ઈજા થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારે સશસ્ત્ર વિદ્રોહીઓએ મંગળવારે રાત્રે હુમલો કર્યો હતો, બંને પક્ષો વચ્ચે જોરદાર ફાયરિંગ થયું હતું. સેનાએ કહ્યું કે સેનાએ વિદ્રોહીઓને પકડવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે.

આ દરમિયાન ભારતીય સૈનિકોએ જમ્મુ-કાશ્મીરમાં સતત ગોળીબાર કરીને ઉશ્કેરણીની કાર્યવાહી હાથ ધરતા પાકિસ્તાની સૈન્યને જડબાતોડ જવાબ આપ્યો. આ કાર્યવાહીમાં એક પાકિસ્તાની સૈનિક માર્યો ગયો છે. પાકિસ્તાની સેનાએ જણાવ્યું હતું કે એલઓસીના દેવા સેક્ટરમાં ગોળી વાગતાં એક પાકિસ્તાની સૈનિકનું મોત નીપજ્યું હતું. માર્યા ગયેલા પાકિસ્તાની જવાનની ઓળખ ગુજર ખાન તરીકે થઈ છે.

## ટ્રમ્પ ફરી પ્રમુખપદ માટે ચૂંટણી નહીં લડી શકે

# ટ્રમ્પનું બીજીવાર ઈમ્પીચમેન્ટઃ પ્રતિનિધિ-ગૃહની મંજૂરી, સેનેટની બાકી

વોશિંગ્ટન,તા.૧૫

મુદત દરમિયાન બે વખત ઈમ્પીચ થનાર ડોનાલ્ડ ટ્રમ્પ આ રીતે ઘોર અને શરમજનક રાષ્ટ્રીય અપમાનીત અમેરિકાના ઈતિહાસના પહેલા પ્રમુખ બન્યા છે. પ્રમુખ હોવા છતાં યૂક્રેન સાથે અંગત રીતે સોદાઓ કરવા બદલ ટ્રમ્પ સામે ૨૦૧૯માં પણ સંસદના પ્રતિનિધિ ગૃહે એમને ઈમ્પીચ કર્યા હતા, પરંતુ સેનેટ ગૃહે ૨૦૨૦માં એમને નિર્દોષ જાહેર કર્યા હતા. જેમાં મહાભિયોગ લાવવાની વિરુદ્ધમાં ૧૯૭ વોટ પડ્યાં, જયારે મહાભિયોગના સમર્થનમાં ૨૩૨ વોટ નાંખવામાં આવ્યા. મહત્વની વાત એ છે કે, રિપબ્લિકન પાર્ટીના દસ સાંસદોએ મહાભિયોગના સમર્થનમાં મત આપ્યા. ગૃહનાં સ્પીકર અને ડેમોક્રેટ નેન્સી પેલોસીએ બાદમાં તે દસ્તાવેજ પણ બતાવ્યો હતો. ટ્રમ્પ પર આરોપ છે કે એમણે પોતાના સમર્થકોને હિંસક દેખાવ કરવા ભડકાવ્યા હતા જેથી પોતાની ખુરશી ટકી રહે અને ડેમોક્રેટિક પાર્ટીના જૉ બાઈડન નવા પ્રમુખ તરીકે શપથ લઈ ન શકે. ટ્રમ્પની ઉશ્કેરણીને પગલે એમના સમર્થકોએ ગયા અઠવાડિયે કેપિટલ હિલ (અમેરિકી સંસદ) પર હુમલો કર્યો હતો. એ વખતે સંસદમાં બેઠક ચાલુ હતી. ઉપપ્રમુખ માઈક પેન્સ તથા અન્ય સભ્યોને હિંસાનો ભોગ બનતા બચવા સુરક્ષિત જગ્યાએ આશરો લેવો પડ્યો હતો. હિંસામાં પાંચ જણનું મૃત્યુ નિપજ્યું હતું.

જોકે ટ્રમ્પને એમની ચાર-વર્ષની મુદત પૂરી થવા પૂર્વે હોદ્દા પરથી દૂર કરવાનું જલદી બને એવું લાગતું નથી. હવે ઈમ્પીચમેન્ટ પ્રસ્તાવ પર સંસદના અન્ય ગૃહ સેનેટમાં મતદાન થશે, જે છેક આવતા મંગળવારે થવાની ધારણા છે. સેનેટમાં રીપબ્લિકન પાર્ટીની બહુમતી છે. ત્યાંના નેતા મિચેલ મેકોનેલે ઈમ્પીચમેન્ટ કાર્યવાહી ત્વરિત કરવાની રીપબ્લિકન્સની વિનંતીનો અસ્વીકાર કર્યો છે. ૨૦ જાન્યુઆરી પ્રમુખ તરીકે બાઈડનનો શપથવિધિ દિવસ છે. અત્યાર સુધી સેનેટ ગૃહે અમેરિકાના એકેય પ્રમુખને ઈમ્પીચમેન્ટ પ્રસ્તાવ દ્વારા સત્તા પરથી દૂર કરવાની સંમતિ આપી નથી. ૧૮૬૮માં એન્ડ્રૂ જોન્સન, ૧૯૯૮માં બિલ ક્લિન્ટન અને ૨૦૧૯માં ડોનાલ્ડ ટ્રમ્પને પ્રતિનિધિ ગૃહે ઈમ્પીચ કર્યા હતા, પરંતુ સેનેટે ત્રણેયને નિર્દોષ જાહેર કર્યા હતા.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યાઃ૫૩૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૨૫૪૮૪૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુઃ ૦૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા :૭૩૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૨૪૩૭૩૯**

# નોર્વેમાં કોરોના રસીની સાઈડ ઈફેક્ટથી ૧૩ લોકોના મોતથી ખળભળાટ મચ્યો

નોર્વે,તા.૧૫

નોર્વેમાં નવા વર્ષના ચાર દિવસ બાદ ફાઈઝરની કોરોના વાયરસ રસી આપવાનું કામ શરૂ કર્યુ. અત્યાર સુધીમાં અહીં ૩૩૦૦૦ લોકોને કોરોના વેક્સીન આપવામાં આવી છે. નોર્વેમાં એ વાતની પહેલાં જ જાહેરાત થઇ ચૂકી હતી કે કોરોના રસીની સાઈડ ઈફેક્ટ થશે. હવે આટલા બધા લોકોને રસી આપ્યા બાદ નોર્વે મેડિસિન એજન્સીએ કહ્યું કે ૨૯ લોકોમાં સાઈડ ઈફકેટ દેખાઈ જેમાંથી ૧૩ લોકોના મોત થયા છે.

રૂસી સમાચાર એજન્સી સ્પૂતનિકના રિપોર્ટ પ્રમાણે નોર્વેની મેડિસિન એજન્સીના મેડિકલ ડાયરેકટર સ્ટેઈનાર મેડસેન એ દેશના રાષ્ટ્રીય પ્રસારક એનઆરકે સાથે વાતચીતમાં કહ્યું કે આ ૧૩ મોતોમાં પણ ૯ લોકોને ગંભીર સાઈડ ઈફેકટ અને ૭ લોકોને ઓછી સાઈડ ઈફકેટ થઈ છે. નોર્વેમાં કુલ ૨૩ લોકોને રસી આપ્યા બાદ મોત થવા સાથે જોડવામાં આવી રહ્યા છે. તેમાંથી અત્યાર સુધીમાં કુલ ૧૩ લોકોની તપાસ કરાઈ છે.

મેડસેન એ કહ્યું કે જે લોકોના મોતના સમાચાર છે તેમાંથી નબળા વૃદ્ધ લોકો હતા જે નર્સિંગ હોમમાં રહેતા હતા. આ દર્દીઓને રસી આપ્યા બાદ તાવ અને બેચેનીની સાઈડ ઈફેકટનો સામનો કરવો પડ્યો તેનાથી ગંભીર રીતે બીમાર પડી ગયા અને પછી મોતને ભેટયા.

મેડિકલ ડાયરેકટર સ્ટેઈનાર મેડસેને ભારપૂર્વક કહ્યું કે આ પ્રકારના કેસ દુર્લભ છે અને હજારો એવા દર્દીઓને આ રસી અપાઈ છે. જેમને હૃદયથી સંબંધિત બીમારી, ડિમેન્સિયા અને બીજી કેટલીય ગંભીર બીમારીઓ હતી. તેમણે કહ્યું કે તેઓ હજી સાઈડ ઈફેકટના આ મામલાને લઈ બહુ ખાસ ચિંતિત નથી. તેમણે કહ્યું કે અમે આનાથી ચિંતિત નથી. એ સ્પષ્ટ છે કે આ રસીનો કેટલાંક બીમાર લોકોને છોડીને બહુ ઓછો ખતરો છે.

## તંત્રી સ્થાનેથી...

### 'રામસેતુ' પર થશે રિસર્ચ



**ભારત અને શ્રીલંકા વચ્ચે બનેલા રામ સેતુ અંગે અનેક મોટા ખુલાસા થઇ શકે છે. તેને લઇ એક રિસર્ચ કરવામાં આવશે. જેના માધ્યમથી જાણવા મળશે કે રામ સેતુ કેટલો જૂનો છે. તે સિવાય રિસર્ચમાં શોધવામાં આવશે કે તેને કેવી રીતે બનાવવામાં આવ્યું હતુ. આ યોજના પર કામ કરી રહેલા વૈજ્ઞાનિકોનું કહવુ છે કે આ રિસર્ચ દ્વારા 'રામાયણકાળનો સમયગાળો નક્કી કરવામાં મદદ મળી શકે છે.'**

**આ રિસર્ચ માટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (છજીં)એ લીલી ઝંડી આપી દીધી છે અને તેને સીએસઆઈઆર-નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓસનોગ્રાફી, ગોવા દ્વારા શોધ કરવામાં આવશે. સીએસઆઈઆર-નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓસનોગ્રાફી, ગોવા એ શોધ કરશે કે ભારત અને શ્રીલંકા વચ્ચે છીછરી સમુદ્રી સપાટી જેને રામ સેતુ કહેવામાં આવે છે, તેનો નિર્માણ ક્યા સમયગાળામાં થયો.**

**ઝિયોલોજિકલ ટાઇમ સ્કેલ અને અન્ય સહાયક પર્યાવરણીય ડેટા દ્વારા આ પુલનો અભ્યાસ કરાશે. એનઆઈઓના ડિરેક્ટર પ્રો સુનિલ કુમાર સિંહએ અંગ્રેજી સમાચાર પત્રને જણાવ્યું કે આ રિસર્ચ પુરાતાત્વિક પ્રાચીન વસ્તુઓ, રેડિયોમેટ્રિક અને થર્મોલ્યૂમિનિસેન્સ પર આધારિત હશે.**

**તેમણે જણાવ્યું કે 'રેડિયમોમેટ્રિક ટેક્નોલોજીના મારફતે આ સ્ટ્રક્ચરની ઉંમરની શોધ થશે. આ સ્ટ્રક્ચરમાં કોરલ્સ અને પ્યૂલિસ પત્થરો મોટી સંખ્યામાં છે. કોરલ્સમાં કેલ્શિયમ કાર્બોનેટ હોય છે, જેથી અમે આ સમગ્ર પુલની ઉંમરને જાણી શકીશુ અને રામાયણના સમયગાળાને જાણવામાં મદદ મળશે.**

# ઉત્તરાયણમાં કોરોનાને કોરાણે મૂકી જીલ્લો બન્યો પતંગોત્સવમય આકાશ રંગબેરંગી

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઉત્તરાયણ પર્વની ઉજવણીએ કાપ્યો છે.....એ લપેટ...લપેટ..ના નારા સાથે રંગબેરંગી પતંગ આકાશે ચઢાવી પીપુડા,ઢોલ-નગારા અને ડીજે ના તાલે દિવસભર રંગારંગ રંગોત્સવ જાણે આકાશે જામ્યો હોય તેવી ઉલ્લાસભર ઉજવણી કરી હતી ઉત્તરાયણ પર્વમાં દાન નો મહિમા અનેરો હોવાથી બંને જિલ્લાના પ્રજાજનોએ ગાયને લીલો ઘાસચારો ખવડાવાની સાથે જરૂરિયાતમંદ લોકોને કપડા અને અનાજ સહિતનું દાન કરી પુણ્ય કમાવવાનો અહેસાસ અનુભવતા હતા ઉંધીયું,જલેબી,લીલવાની કચોરી ની જયાફત ઉડવાની સાથે બપોર સુધી પવનની મધ્યમ ગતી સાથે પતંગ ચગાવી બપોર બાદ પવનની મંદ ગતી થી પતંગ રસિયાઓએ ગુબ્બારા અને ડીજેના તાલે ડાન્સ સાથે ગરબા રમી આનંદ માણ્યો



હતો અવનવા રંગબેરંગી પતંગથી આકાશ રંગીન બન્યું હતું વાસી ઉત્તરાયણ પર્વે અગાસી પર સાઉન્ડ સીસ્ટમ લગાવી અવનવા પતંગ ઉડાવી આનંદભેર બે દિવસ સતત ઉજવણી કરી હતી

મકરસંક્રાંતિ પર્વની દબદબા ભેર ઉજવણી કરવા બંને જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો સહીત યુવાવર્ગ પતંગરસિયા,અબાલ વૃદ્ધ સૌ કોઈએ કાયપો છે...લપેટ...લપેટ ના ગગનભેદી અવાજથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું ઉત્તરાયણ પર્વ મનાવવા પતંગરસિયાઓ વહેલી સવારથી જ અગાસી અને ખુલ્લા મેદાનો અને જ્યાં પતંગ ઉડાડવા જગ્યા મળી ત્યાં પતંગ ચગાવતા આકાશ અવનવા રંગબેરંગી પતંગો થી છવાઈ ગયું હતું નાનબાળાકો,યુવાધન, વૃધ્ધો સૌકોઈ ને મનગમતો તહેવાર ઉજવણીના ઉંબરે આવી પહોંચતા આખો દિવસ આકાશી યુદ્ધ ખેલવા અને એકબીજાના પેચ કાપી વહેલી સવારથીજ સાઉન્ડ સીસ્ટમના સુરીલા સંગીત વચ્ચે તલ-સાંકળી,ચીક્કી અને ઉંધીયું જલેબીની અને ફાફડાની મિજબાની સાથે અગાસીઓ પર પરિવારજનો અને મિત્રો સાથે પીપુડાં,ગોગલ્સ,અવનવા કાર્ટૂન માસ્ક ટોપી સાથે સજ્જ બની અગાસી પર ખડકાયેલા જોવા મળ્યા હતા બપોર સુધી પવન મધ્યમ ગતિએ રહેતા પતંગ રસિયાઓ આનંદિત બન્યા હતા બપોર પછી વાયુદેવે રીસામણા લેતા લોકોએ ગુબ્બારા અને ડીજેના તાલે ઉલ્લાસ ભેર ઉજવણી કરી હતી સાંજ થતાની સાથે બંને જિલ્લામાં આતશબાજી અને ફટાકડા ફોડી ઉત્તરાયણ પર્વને વિદાય આપી હતી બંને જિલ્લામાં ચાઈનીઝ અને દેશી બનાવટના તુક્કલો થી આકાશ ઝગમગી ઉઠ્યું હતું

## કોરોનાગ્રસ્ત દર્દીઓએ કોરોનાનો પેચ લગાવ્યો, દર્દીઓ અને હોસ્પીટલ સ્ટાફે ઉત્તરાયણ ઉજવણીમાં મસ્ત બન્યા



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના સંક્રમણના કહેર વચ્ચે ગુજરાતમાં ઉત્તરાયણ પર્વનો ઉત્સાહ જોવા મળ્યો હતો ત્યારે મોડાસા શહેરની કોવીડ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ અને હોસ્પીટલ સ્ટાફે આકાશે કોરોના પેચ લગાવ્યા હતા અરવલ્લી જીલ્લાની બંને કોવીડ-૧૯ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની ખડેપગે સેવા કરતા કોરોના વોરિયર્સ દર્દીઓને હૂંફ આપી રિયલ હીરો સાબીત થઈ રહ્યા છે ઉત્તરાયણ પર્વમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ પીપીઈ કીટ પહેરી હોસ્પિટલના ધાબે ચઢી રંગ-બેરંગી પતંગ ઉડાડી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી ગુજરાતીઓમાં ઉત્તરાયણ પર્વનું વિશેષ મહત્વ છે કોરોના સંક્રમણમાં લોકોનો હર્ષોલ્લાસ યથાવત રહ્યો હતો ત્યારે મોડાસા કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોનાગ્રસ્ત દર્દીઓઓ ઉત્તરાયણ પર્વથી વંચીત ન રહે તે માટે હોસ્પિટલના નોડલ ઓફિસર ડૉ.યજ્ઞેશ નાયક, સુપ્રિટેન્ડેન્ટ રાકેશ પટેલ અને ફાયર સેફટી ઓફિસર જયેશ રાવલ સહીત સ્ટાફે દર્દીઓ માટે પતંગ-દોરી સાથે પહોંચી પીપીઈ કીટ પહેરેલા કોરોનાગ્રસ્ત દર્દીઓ સાથે ધાબે ચઢી પતંગ ઉડાડી ઉત્તરાયણ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરતા કોરોનાગ્રસ્ત દર્દીઓ સાથે ખુશીયોના પતંગ ઉડાડ્યા હતા અને આકાશે કોરોનાનો પેચ કાપ્યો હતો કોવીડના દર્દીઓએ આ ઉત્તરાયણ જીવનની યાદગાર ઉત્તરાયણ બની રહેશે અને કોવીડ હોસ્પીટલનો સ્ટાફ સ્નેહીજનોની હૂંફ આપવામાં આવતી હોવાની સાથે કોવીડ હૉસ્પિટલમાં દર્દીની ખુબ જ સારસંભાળ રાખવામાં આવે છે. કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્વચ્છતા પણ ખૂબ જ સરસ રાખવામાં આવે છે

## સંસદનું બજેટ સત્ર ૨૯મીથી શરુ થશે : ૧લી ફેબ્રુઆરીએ બજેટ

ન્યુ દિલ્હી,તા.૧૫

સંસદના બજેટ સત્રાની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. બજેટ સત્ર ૨૯ જાન્યુઆરીથી શરૂ થશે અને બે ભાગમાં ૮ એપ્રિલ સુધી ચાલશે. આ દરમિયાન એક ફેબ્રુઆરીએ સંસદમાં સામાન્ય બજેટ (નાણાકિય વર્ષ ૨૦૨૧-૨૨) રજૂ થશે.

લોકસભા સચિવાલય મુજબ બજેટ સત્રાનો પ્રથમ તબક્કો ૨૯ જાન્યુઆરીથી શરૂ થશે અને ૧૫ ફેબ્રુઆરી સુધી ચાલશે, જ્યારે બીજો તબક્કો ૮ માર્ચથી ૮ એપ્રિલ સુધી ચાલશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ૨૯ જાન્યુઆરીએ સવારે ૧૧ કલાકે સંસદના બંને ગૃહ લોકસભા અને રાજયસભાની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે. સામાન્ય બજેટ ૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ કલાકે રજૂ કરાશે.

સંસદીય બાબતોની કેબિનેટ સમિતિએ ૨૯ જાન્યુઆરીથી બજેટ સત્રની રજૂઆત કરી હતી. સત્ર દરમિયાન કોરોના વાઈરસ સંબંધિત તમામ પ્રોટોકોલનું પાલન કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે કોરોના વાઈરસના કારણે શિયાળું સત્ર રદ કરવામાં આવ્યુ હતુ. સરકારે જણાવ્યું હતુ કે કોરોનાના વધી રહેલા કેસોના કારણે આ વખતે સંસદનું શિયાળું સત્ર નહીં યોજાય. સરકારના આ પગલા પર વિપક્ષે શાબ્દિક પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીનું કહેવું હતુ કે સંસદનું સત્ર બોલલાવું જોઇએ, જેથી ખેડૂતો સાથે સંબંધિત મુદ્દા પર ચર્ચા થઇ શકે.

તે પછી મોદી સરકારના સંસદીય કાર્યમંત્રી પ્રહ્લાદ જોશીએ લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીને પત્ર લખીને જણાવ્યું હતુ કે તમામ દળોના નેતાઓ સાથે ચર્ચા કર્યા પછી, સર્વસંમતિ સધાઇ હતી કે કોરોનાના કારણે સત્ર બોલાવવું જોઇએ નહીં.

## ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે પોલિયો રસીકરણ અભિયાન, રાષ્ટ્રપતિ કરાવશે શુભારંભ

ન્યુ દિલ્હી,તા.૧૫

આ વર્ષે ૧૭ જાન્યુઆરીથી શરૂ થનાર પોલિયો રસીકરણ અભિયાન હવે ૩૧ જાન્યુઆરીથી શરૂ કરવામાં આવશે. ભારત સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ના પોલિયો રસીકરણ દિવસને ફરી નક્કી કરવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય રસીકરણ દિવસનો શુભારંભ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ૩૦ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ ભવનમાં બાળકોને પોલિયોના ટીપા પીવડાવી કરાવશે.

આ પહેલા બુધવારે સરકારે પોલિયો રસીકરણ કાર્યક્રમને 'અનપેક્ષિત પ્રવૃત્તિઓ'ને કારણે આગામી આદેશ સુધી ટાળી દીધો હતો. આ કાર્યક્રમ હેઠળ દેશભરમાં ૦-૫ વર્ષની ઉંમરના બાળકોને પોલિયો સામે રક્ષણ માટે વેક્સિનના બે ટીપાં પીવડાવવામાં આવે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કાર્યક્રમને ટાળવા વિશે તમામ રાજ્યોને નવ જાન્યુરીએ પત્ર દ્વારા માહિતી આપી હતી.

આ પહેલા કેન્દ્રીય સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રી હર્ષવર્ધને આઠ જાન્યુઆરીએ કહ્યુ હતુ કે પોલિયો વિરુદ્ધ રાષ્ટ્રીય પ્રતિરક્ષણ કાર્યક્રમ ૧૭ જાન્યુઆરીથી ચલાવવામાં આવશે. તે બે-ત્રણ દિવસ ચાલશે. આ હેઠળ રસીકરણથી બાકી રહી ગયેલા બાળકોની ઓળખ થશે તથા તેમનું રસીકરણ કરવામાં આવશે. આ રસીકરણ પોલિયો વાયરસ વિરુદ્ધ રાષ્ટ્રીય સ્તર પર સંપૂર્ણ સંરક્ષણનું સ્તર બનાવી રાખવા માટે જરૂરી છે.

મહત્વનું છે કે દેશમાં કોરોના વાયરસ વિરુદ્ધ રસીકરણ ૧૬ જાન્યુઆરીથી શરૂ થવાનું છે. પ્રધાનમંત્રી મોદી તેમને વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન ગણાવી ચુક્યા છે. તેમાં આશરે ત્રણ કરોડ સ્વાસ્થ્ય કર્મિઓ તથા ફ્રંટલાઇન વર્કરોને પ્રાથમિકતા આપવામાં આવશે.

## પતંગ-દોરીના કારણે ઘાયલ થયેલા ૨૯૦૦ કરતા વધુ કેસ ૧૦૮ની ટીમને મળ્યા

ગાંધીનગર,તા.૧૫

ઉત્તરાયણની મજા ઘણાં લોકો માટે સજા બનતી હોય છે. આવામાં ઉત્તરાયણ દરમિયાન ટુવ્હિલર કે અન્ય રીતે અવર-જવર કરનારા લોકો માટે પતંગની દોરી ઘાતક સાબિત થતી હોય છે. આ વર્ષે પણ ઘણાં લોકો માટે ઉત્તરાયણ ઘાતક સાબિત થઈ છે. ઉત્તરાયણ દરમિયાન પતંગ-દોરીના કારણે ઘાયલ થયેલા ૨૯૦૦ કરતા વધુ કેસ ૧૦૮ની ટીમને મળ્યા હતા. જોકે, પાછલા વર્ષોની સરખામણીમાં આ આંકડો ઘટ્યો છે પરંતુ માજાના કારણે ગળા કપાવાની કિસ્સા યથાવત રહ્યા છે. જેમાં ઘણાં રાહદારીઓને ગંભીર ઈજા થતા વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. વિસ્તૃતમાં આંકડા પર નજર કરીએ તો અમદાવાદમાં કુલ ૭૭ મેડિકલ ઈમર્જન્સીના કોલ આવ્યા છે. જેમાંથી ૨૨ લોકો ધાબા પરથી પડ્યા હોવાના અને ૨૮ લોકોને દોરી વાગવાના કારણે ઘાયલ થવાની ઘટના બની છે.

આ રીતે વડોદરામાં ૨૦ અને રાજકોટમાં ૧૬ જયારે સુરતમાં કુલ ૧૪ જેટલા મેડિકલ ઈમર્જન્સી માટે કોલ આવ્યા છે, જેમાં દોરીના કારણે ઘાયલ થવાના અને અકસ્માતે પડી જવાના કિસ્સા નોંધાયા છે. રાજયની ૧૦૮ની ઈમર્જન્સી મેડિકલ સેવા માટે સવારથી રાત સુધીમાં ૨૦૪૦ કોલ આવ્યા છે, પરંતુ આ આંકડો પાછલા વર્ષની સરખામણીએ ઓછો છે. પાછલા વર્ષે નોંધાયેલા કેસ કરતા આ વર્ષે ૫૦૦ કરતા વધારે કેસ ઘટ્યા છે. ૨૦૨૦ની ઉત્તરાયણમાં પતંગની દોરીથી ઘાયલ થવાના અને અકસ્માતે પડી જવાની ઘટનાના ૩૪૭૮ કોલ આવ્યા હતા. રિપોર્ટ્સ મુજબ કુલ કેસમાં ૨૧૦ જેટલા કેસ એવા હતા કે તેમને તાત્કાલિક સારવાર માટે લઈ જવા પડ્યા હતા. ઈમર્જન્સી મેડિકલ સેવા માટે ૧૦૮ને દિવસ દરમિયાન મળેલા ૨૯૦૦ કરતા વધુ કોલ્સ પર નજર કરીએ તો બપોરે ૧૨ વાગ્યુ સુધીમાં કુલ ૧૦૫૭, ૧ વાગ્યા સુધીમાં ૧૨૦૫, ૩ વાગ્યા સુધીમાં ૧૬૫૦, ૬ વાગ્યા સુધીમાં ૨૩૦૫, ૮ વાગ્યા સુધીમાં ૨૭૭૪ અને રાત્રે ૯ સુધીમાં આંકડો ૨૯૬૦ પર પહોંચી ગયો હતો.

આ વર્ષે કોરોના વાયરસની અસર ધાબાઓ પર પણ જોવા મળી છે. બીજી તરફ કેટલાક કડક નિયમો અને મંદીની અસર પણ આકાશમાં જોવા મળી. ગયા વર્ષની સરખામણીએ કેસમાં ઘટાડો થયો છે તો બીજી તરફ ધાબા પર ઉત્તરાયણની મજા પણ પાછલા વર્ષોની સરખામણીએ ઠંડી રહી છે. આજે વાસી ઉત્તરાયણ છે અને આજે પણ રાજયમાં પતંગ રસિયાઓ ધાબા પર ચઢતા હોય છે, આવામાં આજે પણ પતંગ અને દોરીના કારણે ઘાયલ થનારા લોકો માટે ૧૦૮ની ટીમ સજ્જ છે.

## મહેસાણા દૂધ સાગર ડેરીનાં ચેરમેન પદે અશોક ચૌધરીની નિમણૂંક

મહેસાણા,તા.૧૫

મહેસાણાની દૂધસાગર ડેરીની ચૂંટણી ૫ જાન્યુઆરીએ પૂર્ણ થઈ હતી. આ ચૂંટણી અત્યંત રસા કસી ભરેલી રહી હતી. જેમાં પરિવર્તન પેનલની જીત થઈ હતી. મહેસાણાની દૂધસાગર ડેરીમાં આજે પરિવર્તન પેનલના જીતેલા ઉમેદવાર અશોક ચૌધરીની ચેરમેન તરીકે વરણી કરવામાં આવી છે. બીજી તરફ વાઈસ ચેરમેન તરીકે ચાણસ્મા બેઠકથી ચૂંટાયેલા અમરત માધાભાઈ દેસાઈની વરણી કરવામાં આવી છે. દૂધ સાગર ડેરીમાં તાજપોષી કરાઈ હતી.

ઉલ્લેખનીય છે કે આ ચૂંટણીમાં વિપુલ ચૌધરી પેનલની હાર થઈ હતી. બીજી તરફ વિપુલ ચૌધરીના એકહથ્થુ શાસનનો અંત આવ્યા બાદ અશોક ચૌધરીની તાજપોષીને વધાવવા કેન્દ્રીય મંત્રી પી.પી ચૌધરી સહિત ટેકેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અમૂલના એમડી આર. એસ. સોઢી પણ ખાસ ઉપસ્થીત રહ્યા હતા.

## રાજ્યમાં શાળા ખુલ્યાના બીજા જ દિવસે જોડિયાની એક વિદ્યાર્થિની થઈ કોરોના સંક્રમિત

જામનગર,તા.૧૫

કોરોના કહેર વચ્ચે ગુજરાતમાં ફરીથી શાળાઓ શરૂ થઈ ગઈ હતી. જેમાં શાળા ખુલ્યાના બીજા જ દિવસે સમાચાર આવ્યા હતા કે જામનગરના જોડિયાની એક વિદ્યાર્થિની કોરોના પોઝિટિવ નીકળી છે. જો કે આ અંગે હવે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ખુલાસો કર્યો હતો કે દીકરી સ્કૂલે ગઈ જ ન હતી. નવસારીના વાંસદાની એક હાઈસ્કૂલમાં શતાબ્દી મહોત્સવના કાર્યક્રમ બાદ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જામનગરના જોડિયાની શાળામાં કોરોના પોઝિટિવ આવેલી વિદ્યાર્થિની અંગે ખુલાસો કર્યો હતો.

ચૂડાસમાએ કહ્યું કે, ૪ દીકરીઓએ પોતાનો કોરોના ટેસ્ટ કરાવ્યો હતો, જેમાં એક દીકરી કોરોના પોઝિટિવ આવી હતી. એ દીકરી શાળાએ ગઈ જ ન હતી અને એ શાળા બંધ નથી. ૧૫મી તારીખથી ચાલુ થઈ જવાની છે. વિદ્યાર્થિની અંગે શિક્ષણમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જામનગરના જોડિયામાં તાલુકાની શાળાના મીડિયામાં એક સમાચાર આવ્યા છે. એ સમાચાર અંગે હું સ્પષ્ટતા કરવા માગુ છું.

# કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યાઃ ઓપન ઈન્ટરેસ્ટ ૧,૫૦,૮૫૦ ગાંસડીના સ્તરે

**રબરમાં સુધારોઃ સીપીઓ, કપાસ, મેન્થા તેલમાં નરમાઈઃ કીમતી અને બિનલોહ ધાતુઓ તથા ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક ઘટાડોઃ પ્રથમ સત્રમાં રૂ.૧૩૭૯૧ કરોડનું ટર્નઓવર**

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૦૮૦૮૧ સોદામાં રૂ.૧૩૭૯૧.૨૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદી તથા તમામ બિનલોહ ધાતુઓ ઉપરાંત એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક ઘટાડો વાયદાના ભાવમાં થયો હતો. નેચરલ ગેસમાં વૃદ્ધિ હતી. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટી આવ્યા હતા. રબરમાં સુધારા સામે સીપીઓ, કપાસ, મેન્થા તેલમાં નરમાઈ હતી.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૧૬૦૧૪ સોદાઓમાં રૂ.૬૨૩૯.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૦૮૮ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૩૨૭ અને નીચામાં રૂ.૪૯૦૧૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૦ ઘટીને રૂ.૪૯૧૮૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૫૮૮ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૧૦ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨ ઘટીને બંધમાં રૂ.૪૯૨૧૬ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૫૯૭૮ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૨૬૬ અને નીચામાં રૂ.૬૫૩૦૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૮૦ ઘટીને રૂ.૬૫૭૦૩ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૫૫ ઘટીને રૂ.૬૫૭૧૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૯૫૬ ઘટીને રૂ.૬૫૭૧૦ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૧૯૪૯ સોદાઓમાં રૂ.૨૯૨૮.૯૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૯૧૧ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૧૮ અને નીચામાં રૂ.૩૮૫૨ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૨ ઘટીને રૂ.૩૮૫૭ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૫૧૨૧ સોદાઓમાં કુલ રૂ.૫૫૩.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૨૫૦ અને નીચામાં રૂ.૨૧૦૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૦ ઘટીને રૂ.૨૧૧૪૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૬૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦.૯ ઘટીને બંધમાં રૂ.૯૪૬.૨ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૯૯૫ અને નીચામાં રૂ.૯૬૫.૫ રહી, અંતે રૂ.૯૮૬.૮ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૧૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૧૧ અને નીચામાં રૂ.૧૧૯૧ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬ ઘટીને રૂ.૧૧૯૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૮૭૫૪ સોદાઓમાં કુલ રૂ.૨૮૬૩.૭૩ કરોડ ની કીમતનાં ૫૮૨૪.૭૯૬ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૭૨૬૦ સોદાઓમાં કુલ રૂ.૩૩૭૫.૩૬ કરોડ ની કીમતનાં ૫૧૨.૯૨૮ ટન, ક્રૂડ તેલમાં ૫૫૦૧ સોદાઓમાં રૂ.૩૫૩.૯૯ કરોડનાં ૯૧૨૬૦૦ બેરલ્સ, કોટનમાં ૮૦૮ સોદાઓમાં રૂ.૫૬.૨૪ કરોડનાં ૨૬૫૨૫ ગાંસડી, સીપીઓમાં ૪૧૫૭ સોદાઓમાં રૂ.૪૮૭.૨૧ કરોડનાં ૫૧૭૯૦ ટન, મેન્થા તેલમાં ૭૦ સોદાઓમાં રૂ.૮.૪૪ કરોડનાં ૮૫.૩૨ ટન, કપાસમાં ૨૨ સોદાઓમાં રૂ.૫૫.૧૪ લાખનાં ૯૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૭૩૯૧.૮૯૧ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૨૫.૧૫૨ ટન, ક્રૂડ તેલમાં ૨૫૪૩ બેરલ્સ, કોટનમાં ૧૫૦૯૫૦ ગાંસડી, સીપીઓમાં ૮૫૬૧૦ ટન, મેન્થા તેલમાં ૧૩૦.૬૮ ટન અને કપાસમાં ૨૮૦ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૨ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૮ અને નીચામાં રૂ.૨૬૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૯૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૦ અને નીચામાં રૂ.૧૮૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૨૪ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૭૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૫૨૦.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૩૦ અને નીચામાં રૂ.૧૩૩૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩૯૬ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૨૩.૫ ખૂલી, ઊપરમાં રૂ.૭૯૮ અને નીચામાં રૂ.૬૨૩.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦૧.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૧.૯ ખૂલી, ઊપરમાં રૂ.૪૨ અને નીચામાં રૂ.૧૬.૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮.૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૮૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩ ખૂલી, ઊપરમાં રૂ.૧૭.૮ અને નીચામાં રૂ.૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮.૩ બંધ રહ્યો હતો.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ના સભ્યો,સંચાલક,નિર્ણાયક શ્રી ની આજે ૧૨ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.ગ્રુપ રચનાઓ આપ વેબસાઈટ ઉપર પણ જોઈ શકો છો www.janfariyadnews.com Email : prdpraval42@gmail.com What's up calling : 9824653073

---

**NOG SS No :- 0015**

વિભાગઃ- પદ્ય
પ્રકારઃ- એકાવનાક્ષરી કાવ્ય
શીર્ષકઃ- જીવન શૈલી

વિવાદોનો વંટોળ,
બે પેઢીની જીવન સહેલી
આધુનિક માંચડે,
ગુંચાયેલી જીવન પહેલી.
આપશે પરિણામ?
આ બદલાતી જીવન શૈલી.

મેહુલ ત્રિવેદી ખેરાળી

---

**NOG SS No :- 0078**

પ્રકાર - પદ્ય- ગઝલ
શીર્ષક - પ્રેમભાવ
પ્રેમભાવ - મુસલસલ

એમ તો પ્રેમભાવ અઘરો છે;
એકસરખો નભાવ અઘરો છે.
ખુદને ખોવું જ કોઈ અસ્તિત્વે;
એ જ મળવોય ભાવ અઘરો છે.
આંખ નમ પણ અધર હસે છે, એ ;
રાખવો હાવભાવ અઘરો છે.
ખેલ અઘરો જીવનનો, ને એમાંય;
ખાસ ત્યાં પ્રેમ દાવ અઘરો છે.
કેટલું યે તું કર ન એ સંતાય;
ઢાંકવો દિલનો ઘાવ અઘરો છે.
જે શરુંમાં હતો સદા એવો;
એટલો તો લગાવ અઘરો છે.
સમજી પણ ક્યાં શકાય સૌને? એમ;
પ્રેમનો પણ સ્વભાવ અઘરો છે.
ખૂટતું સૌ તું જો પછી સૌમાં;
પ્રેમ નામે અભાવ અઘરો છે.
ભરતી ને ઓટ પ્રેમમાં પણ, ત્યાં;
એકધારો વહાવ અઘરો છે.
પ્રેમ "શ્વેતા" કઠણ, હ્રદય કહે છે;
કે જીરવવો તનાવ અઘરો છે.

શ્વેતા તલાટી વડોદરા

---

**NOG SS ™ku 0083**

પદ્ય
વિષયઃ પ્રેમભાવ, બદલાતી જીવન શૈલી.
શીર્ષક પ્રેમભાવ,

એક મળતાવડો સ્વભાવ ગમે,
આવકારે તે હાવભાવ ગમે.
આવજો આવજો ઘણાંય કહે,
પણ જતાવે ને પ્રેમભાવ ગમે.
છીછરી લાગણી જતાવ નહીં,
સહેજ તો સહેજ પણ લગાવ ગમે.
કામ ત્રેવડ વગર કરાય નહીં,
હોય જો કામમાં લગાવ ગમે.
ભાગ્ય લક્ષ્મી જરાય દૂર ન થયા,
હા, મને ફક્ત તારી આવ ગમે.

જ્યોતિ પરમાર..ગરવી(કચ્છી) વડોદરા

---

**NOG SS No : 001**

વિભાગ ; પદ્ય.
વિષય ; પ્રેમભાવ.
શીર્ષક ; પ્યાર.

મારા સ્વપ્ન તારી આંખોમાં,
સાચા થતાં જોઉં એ જ પ્યાર...!
મારા હ્રદયની ઉર્મિઓ,
તારા હ્રદય સુધી,આંખના
પલકારામાં પહોંચે એ જ પ્યાર.!
અત્ર, તત્ર,સર્વત્ર હોવા છતાં,
નિહાળી નથી શકતાં એ જ પ્યાર.!
મા ના હ્રદયમાં,
પિતાના ખોળામાં,
બેનીનાં હાલરડામાં ,વર્ષે એ જ પ્યાર.!
કવિની કવિતામાં,
સંતોની વાણીમાં,
ગંગાની ધારામાં,
વહેતો રહ્યો એ જ પ્યાર..!
શિક્ષકની શિક્ષામાં,
સજ્જનનાં સંગમાં,
લિલાધરની લીલામાં એ જ પ્યાર..!
જે ને મેળવવા પ્રભુ પણ,
પૃથ્વી પર,
જન્મ ધરી આવે એ જ પ્યાર..!
અઢી અક્ષરોમાં,
વિશ્વ સમાય જાય એ જ પ્યાર..!
ઈશ્વરની જેમ,
નિહાળી ન શકાય,
મહેસૂસ કરી શકાય,
એ જ પવિત્ર પ્યાર..પ્યાર...!

પ્રદીપ રાવલ (આયોજક.સંચાલક )

---

**NOG SS NO ,0037**

વિભાગ; પદ્ય.
વિષય ; પ્રેમભાવ.
શીર્ષક ; પ્રેમભાવ.

'પ્રેમભાવ ' શબ્દ, પાવન જલ ધારા,
અંતર મનને ભીંજવી જાય....!
સંસારનો સૌથી,
સુંદર, કોમળ, અનમોલ શબ્દ...!
'પ્રેમભાવથી' વિશ્વ જોડ્યું,
જગતના તાતે....!
સર્જનહાર પણ,
વિમુક્ત ના રહી શક્યો...!
સન્મુખ ના હોય,
હોવાનો અહેસાસ છે...!
કંઈ ના કહે અને,
બધુ જ સમજાય જાય એ 'મૌન ' છે...!
'પ્રેમભાવ,' હર ક્ષણ,
આપવાની ઈચ્છા થાય...!
આપવા પછી બમણું મળવાની,
આત્મની અનુભૂતિ....!
'પ્રેમભાવ,' મહાસાગર છે,
ડૂબે એ તરી જાય....!
અંતર મનની ઉર્જા છે,
સ્વ,અને સર્વને પ્રકાશિત કરે છે...!
'પ્રેમભાવ', સંસારના સર્વ જીવ માત્રના,
સંબંધોનું સંપૂર્ણ સમર્પણ....!
'પ્રેમભાવથી' જીવે, અને જીવી જાણે,
એજ 'મહામાનવ'...!

હેમલતા દિવેચા.

---

**NOG/77**

વિભાગઃપદ્ય મૌલિક
વિષયઃ પ્રેમભાવ
શીર્ષકઃચાલ જીવી લઈએ

સપ્તપદીએ લેવાતાં વચન સાત,
હું મક્કમ મન,કર્મ, વચનથી નિભાવીશ સાથ,
એકમેકનાં ભરોસે રાખી હામ
ચાલને થોડું જીવી લઈએ....!
સપ્તપદીનાં દરેક શબ્દો છે મારા શ્વાસ,
મારા શ્વાસ ચાલશે ત્યાં સુધી જીવીશ તારી સાથ,
ભવોભવના બંધન નિભાવવાની જવાબદારી સાથે
ચાલને થોડું જીવી લઈએ....!
જીસ્મ બે પણ એક જાન,
રાખીશ જીવનભર એ વાત યાદ,
તમારી અને મારી આ ખાટી મીઠી નોખઝોંક
માણી ,ચાલને થોડું જીવી લઈએ....!
સાત જન્મોનાં બંધનની વાત તો નથી ખબર,
પણ આ જન્મમાં નિભાવીશ જીવનભર તારો સાથ,
હલકની હેલીએ હાલકડોલક થઈને
ચાલને થોડું જીવી લઈએ....!
હું નવવધૂ થઈ વધુ કે નહી પણ,
તમને વધાવવા જીવનભર નિભાવીશ સાથ,
તું તું- મેં મેં કરતાં કરતાં ,
ચાલને થોડું જીવી લઈએ...!
હું અને તુંમાંથી થયા આપણે,
આપણાપણામાં જીવનભર કુંટુંબનું
રાખીશ ધ્યાન,
જીવનરૂપી દોરી પર લંગસ નાંખી,
ચાલને થોડું જીવી લઈએ...!

ઋતંભરા વિશ્વજીત
ઋત્વિશ્વ,આણંદ

---

**NGO સાહિત્ય સરિતા ( ૧ )**
**NOG SS. NO. -- 39**

શીર્ષક - પ્રેમભાવ
પદ્ય - પ્રકાર - અછાંદસ

રી શકાય માત્ર મહેસૂસ,ના શબ્દોમાં વ્યક્ત થાય એ!
લાગણી અને બંધનનો વણલખ્યો દિલમાં કરાર લખે,
સ્પર્શ અદ્ભૂત આહલાદક! મૌન રહીને અનુભવાય,
દૂર રહીને પણ આંખોમાં અંતરથી ઉતારી શકાય!
ચંદ્રની જેમ ના વધે ઘટે, સૂરજની જેમ ના દઝાડે!
જાદુઈ અમીકુંભ ઈશનો,પ્રેમભાવ વહેંચો તોય છલકે,
ભીંજાય ભીતર પ્રેમથી, પ્રસરે ખુશીઓ પ્રેમથી,
ખીલી ઉઠે જીવન, મન, મહેંકે ધન્ય જીવન પ્રેમથી,
નથી એ વહેવાર જીવનનો, એ તહેવાર બનાવે જીવન,
ખુશનસીબી એ માનવની, જો મળી જાય પ્રેમ શાશ્વત,
પાવન બની જાય જીવન, વહેતી રહે પ્રેમની સરિતા,
બની જાય પ્રેમનો સાગર, જેમ ટીપે ટીપે ભરાય સરોવર,
ખુશીનો એ જાદુઈ મંત્ર, સુખ સાગરમાં ડૂબાડે,
સ્વયંની સાથે અન્યને પ્રીતની ગાગરમાં સમાવે,
ગંગાજળ જેવો પવિત્ર,ઊંચો એ હિમાલયથી,
સાગરથી વધુ ઉંડો,આકાશથી વધુ અવકાશી,
બનાવી દે મુગ્ધ મનને,દિલમાં ભરી દે અરમાન
મનસાઓથી ભરાઈ જાય મન, સ્વપ્નવત લાગે જીવન!
કરી શકે જે જીવનમાં, પળે પળે પ્રેમ અસીમ,
નિઃશબ્દ લાગણીનો ધોધ, ભીતર દરિયો ઉછળે નિઃસીમ.

પ્રફુલ્લા"પ્રસન્ના ,અમદાવાદ

---

**NOG સાહિત્ય સરિતા (૧)**
**NOG SS No. 0059**

વિષય :પદ્ય
શબ્દ : ૨૦૨૧ નું નવુંવર્ષ પ્રેમભાવ,બદલાતી જીવન શૈલી.
શીર્ષકઃસૌ હરખાઈ

નાના મોટા આજ સૌ હરખાઈ
૨૦૨૧ ને આવકારતા સૌ મલકાઈ
શત શત ફૂલડે કર્યું સ્વાગત ૨૧' નું
શુભ આંકડો ગણાયો છે એકવીસ
ખોરવાયો જે આપણો પ્રેમભાવ
ખીલસે ફરી નવીશૈલીએ પ્રેમભાવ
આનંદો એ વિશ્ર્વજનો ઊગશે હવે સુખ,
શાંતિનું નવલું સોનેરી પ્રભાત,
બનશે આત્મનિર્ભર ભારતદેશ
માંગુ જ વિશ્ર્વમાં શાન્તિનો સંદેશ
ગાઇશું હવે પ્રભુભક્તિ ગુણગાન
કરીશું માનવભવ ભાવથીસફળ.
પ્યારે'રાખી પર્યાવરણની સંભાળ
જીવસૃષ્ટિને આપીશું અભયદાન.

જયકાન્ત એસ ઘેલાણી,'પ્યારે'

**NOG SS No: 40**

પ્રકાર : પદ્ય
શબ્દ : પ્રેમભાવ, બદલાતી જીવનશૈલી
શીર્ષક : બદલાઈ રહી જીવનશૈલી

ઘર-પરિવાર જ બન્યા મંદિર,
ને ઘર જ છે હવેલી!
બદલાઈ ગઈ ઘટમાળ,
બદલાઈ રહી જીવનશૈલી,
પોઝિટિવથી ભાગે સૌ આઘા,
નેગેટિવને આનંદની હેલી!
હશે ઈશનું અનુસંધાન?
કે કુદરત કરે છે અટખેલી!
હતી સમયની પ્રખર માંગ,
ભલે મોડી કે વહેલી,
સ્વચ્છતા ને સફાઈ પર
લગાવી મહોર પહેલી!
જીવો પાયાની જરૂરિયાતો સાથ,
તો નથી જીવન કોઈ પહેલી,
ચડસાચડસીની લ્હાય;
શું હાથે કરીને વહોરશો મુશ્કેલી?
"પહેલું સુખ તે જાતે નર્યા"
એ કહેવત નથી પોલી!
પ્રેમભાવને આપીએ પ્રાધાન્ય
કોઈ નહીં મૂકે હડસેલી,
માણસાઈનાં દીવા મોટા
વાત સમજાઈ ગઈ સૌને સાહેલી,
બદલાઈ ગઈ ઘટમાળ,
બદલાઈ રહી જીવનશૈલી.

વૈશાલી મહેતા

---

**NOG SS No:- 0088**

પ્રકારઃ- પદ્ય
વિષય શબ્દઃ- બદલાતી જીવનશૈલી
શીર્ષકઃ- સેલફોન શી જિંદગી

ડરી રહી છું, ઉગતી પેઢીની રફતાર જોઈ જોઈ..
હું ને મારાં; વચ્ચેની, જનરેશન ગેપ જોઈને રોઈ..
હું પણ મારી જાત સાથે, ક્યાં સુસંવાદિત થઈ રહી?
બદલાતી આ જીવનશૈલી, ઢળી રહી સેલફોન મહીં..
બદલાતા માનવ વ્યવહારોનું, ચાલ્યું ચક્ર ગતિને પંથે..
બદલાય કલેવર જીવનપથનું, મંડાય ડગ ત્યાં ડંખે..
સેલફોન 'શી' જિંદગી, સદા કવરેજ પકડવા ઝંખે..
જીવનના સૌ મુકામો, સતત અપડેટ્સ મેળવવા મંથે..
ડાઉનલોડ એપ્સ કોઈક કરી હું, અપડેટ્સ કરતી રહું..
ગુંચવાવ છું ત્યાં સદા, આ જૂની એપ્સ નું શું કરું?
તેને સમૂળગી કરું ડિલીટ કે, પછી હાઇડ કરું?
નથી એમાં એક્સચેન્જ ઓફર! કે નવી ખરીદી કરું,
જૂના ને જ; રિપેર કર્યા કરાવી છેક! ચલાવ્યા કરું,
આમ! જૂના છતાં જીર્ણ ફોનને, આધુનિક કરતી રહું..
છે આ જૂનું વર્ઝન, થઈ અપડેટ ક્યાં સુધી દોડશે?
ક્યારેક તો એની બેટરી કે; ક્યાંક રેમ ટૂંકી પડશે,
આવશે ક્યારેક જો કોઈ વાયરસને; તે ડેડ થશે..!
હશે..હાલ તુજ થકી; જીવનપથનાં અજવાળાં રેલાશે!..

ડો. મનીષા વ્યાસ

---

**NOG સાહિત્ય સરિતા-૧**
**NOG SS No - 0050**

વિષય- પ્રેમભાવ.
શીષેક-
અહનિશ પ્રેમભાવ.

સ્મિત ભરેલા મનમોહક ચહેરાથી હું વાવેતર કરું..!
સાવ ખુલ્લી આંખે મળવાનો વાયદો કરું..!
રાખી પ્રેમભાવ સમયને અટકાવીને ,
મારી ભીની લાગણીની સરવણી વહેતી મૂકું..!
એક પારદર્શક પાતળી
દોરડી જેવું ખેંચાણ લાગે..!
મારા પ્રેમભાવમાં જોવોને..!
ભવેભવનો માગું સાથ તમારો..!
એવો તો પ્રેમભાવ તમારો..!
જાણે ખોબો ભરીને..!
તરસ્યાની જેમ એ પ્રેમને પીતી રહું હું..!
હક,અપેક્ષા,શક, અહમ્ ને છોડીને.. ,
ખીલી જાઉં જાણે પદ્મ કમળ ખીલ્યું..!
શ્વાસમાં ઉચ્છવાસની જેમ વહેતી રહું..!

તારો સ્પર્શ,યાદોની સાથે
પાંચિકાની રમતની જેમ રમતી રહું..!
તારા પ્રેમના પ્યાલાના જામ ,
ઘુંટડે ઘુંટડે પીતી રહું..!
એજ તારો ને મારો પ્રેમભાવ જે હું ને તું બનીને...!
અવિરત પ્રવાહ વહેતો રહે ..!
જેમ સતત વહેતું નિર્મળ
ગંગાજળ સમો..! પ્રેમ...પ્રેમ...પ્રેમ...!
પ્રેમ સાગર તરવા કલમ ને કાગળ પણ જોઈએ..!
એ પણ ટૂંકા પડે..!
લખવા માટે..!
અતૂટ વિશ્વાસ પ્રેમનો.!
નથી કોઈ વ્યાખ્યા..!

રાગીની શુકલ"રાગ"
(મુંબઈ ,કાંદિવલી.)

---

**NOG SS NO :004**

વિષય :પ્રેમભાવના
શીર્ષકઃ સાગર સરિતા
પ્રેમ ભાવના..

દૂર આકાશે નજર પહોંચી,
ગાયું ગીત મે તુજમાં રાચી!
સંગીત ક્યાં કોઈ સંભળાય?
છતા મુજને લાગે તે લયમય!
પેલો સાગર ઉછળે ને પછડાય,
તેની લહરમાં જ ઘૂમ ઘૂમ સંભળાય!
પર્વતો પરથી નીચે ઉતરી વહેતી જાય,
બાળપણ છોડી મુગ્ધા બની હરખાય!
અંતે વહેણ તેનું ખળખળ પથરાય,
અંતે તે પ્રેમભાવના અર્પી શરમાય!
મીઠી છતાં કેવી ખારાશમાં સમાય?
ભાન ક્યાં તેણીને તે તો સાગરની ગહરાય!
પ્રેમભાવના નાં આ મિલનને પરખાય,
કેવું કહેણ ઈશ કહી જાય આ પ્રણય માય!
મિઠાશ જ ખારાશ સંગ હરખાય જાય,
માનવ જો,"મિઠાશથી ખારાશ વલોવાય!"

જયશ્રી પટેલ




# ડાંગ જિલ્લા માં બર્ડફલૂ નો પગ પેસારોઃ તંત્રએ પુષ્ટિ કરતાં ભયનો માહોલ

ગાંધીનગર,તા.૧૫

ડાંગ જિલ્લા માં બર્ડફલૂ નો પગ પેસારો થઈ ચૂક્યો છે. ડાંગ જિલ્લાના સરકારી ખેતીવાડી હાઈસ્કૂલની સામે જંગલ વિસ્તાર માં કાગડાના મોત થયા હતા. ત્યારબાદ બે કાગડાના મૃતદેહોને તપાસ અર્થે ભોપાલ મોકલાયા હતા. જેમાં એક કાગડાનું મોત બર્ડ ફ્લૂના કારણે થયું હોવાનું રિપોર્ટ સામે આવ્યો છે. ડાંગમાં બર્ડફ્લૂ આવતાની સાથે તંત્ર એલર્ટ થયું છે અને આગમચેતી તૈયારીઓ કરી દીધી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈમાં સરકારી ખેતીવાડી હાઈસ્કૂલની સામેની સાઈડે જંગલ વિસ્તારમાં ૧૦થી વધારે કાગડાઓના મોત થતાં તંત્ર હરકતમાં આવ્યું હતું.

પશુપાલન વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ વૈશ્વિક મહામારી કોરોના બાદ બર્ડ ફ્લૂના એંધાણ સાથે જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈ જંગલ વિસ્તારમાં કાગડા મૃત હાલતમાં મળી આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. વઘઈ તાલુકા મામલતદાર, પશુપાલન અધિકારી, અને વન વિભાગ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરી નજીકના પોલટ્રી, મરઘાં ઉછેર અને પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા તમામની મુલાકાત લઈ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.

## ફોટો ગેલેરી




ગાંધીનગરના સેક્ટર 7 માં આવેલ ભારતમાતા મંદિર ખાતે પ. પૂ. સંતો મહંતોની ઉપસ્થિતિમાં અયોધ્યા ખાતે અતિ ભવ્ય અને દિવ્ય રામ મંદિર નું નિર્માણ થનાર છે તેમાં શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત માઁ પાલઈ વિધ્નેશ્વરી ધામ અને આનંદી માઁ ના વડલા દ્વારા ભગવાન શ્રી રામ ના ચરણોમાં નિધી સ્વરૂપે ચેક આપી ભાવપુષ્પ અર્પણ કરી સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

સેવાનુરાગી - દિનેશભાઈ વ્યાસ

# બાયડના બુટલેગરે ઉત્તરાયણમાં વેપલો કરવા કન્ટેનરમાં ૬૦૦ બોટલ શરાબ મંગાવ્યોને પોલીસ ત્રાટકી



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં તહેવારો ટાણે વિદેશી દારૂની ખપત વધુ થતી હોવાથી સ્થાનીક બુટલેગરો એનકેન પ્રકારે વિદેશી દારૂ ઘુસાડી શરાબનો ગેરકાયદેસર વેપલો કરી તગડો નફો ખીસ્સામાં સેરવી લેતા હોય છે ત્યારે ઉત્તારાયણ પર્વ પર દારૂની રેલમછેલ માટે બાયડના બુટલેગર ઈશ્વર મોહન સલાટે મંગાવેલ વિદેશી દારૂ બાયડ પોલીસે કન્ટેનરમાંથી જપ્ત કરી લેતા બુટલેગર અને દારૂના રસિયાઓના મનસૂબા પર પાણી ફેરવી દીધું હતું પોલીસે ચોઈલા રોડ પરથી દહેગામ બાજુથી વિદેશી દારૂ ઠાલવવા આવી રહેલા ટ્રક-કન્ટેનરના ગુપ્ત ખાનામાંથી ૨.૨૫ લાખનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

બાયડ પીઆઈ એન.જી.ગોહીલ અને તેમની ટીમે ઉત્તારાયણ પર્વમાં પ્રોહીબીશનની કામગીરી અટકાવવા તેમના વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધર્યું હતું ત્યારે દહેગામ બાજુથી ટ્રક-કન્ટેનર વિદેશી દારૂ ભરીને બાયડમાં દારૂનો જથ્થો ઠાલવવા આવી રહ્યું હોવાની બાતમી મળતા બાયડ-દહેગામ રોડ પર ચોઈલા પાસે નાકાબંધી કરી વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું હતું બાતમી આધારીત ટ્રક-કન્ટેનર આવી પહોંચતા તેને અટકાવી તલાસી લેતા ટ્રક કન્ટેનરમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો ન હતો બાતમી સચોટ હોવાથી ટ્રક-કન્ટેનરને બાયડ પોલીસ સ્ટેશન લઈ આવી વધુ તપાસ હાથધરાતા કન્ટેનરમાંથી ગુપ્ત ખાનું મળી આવ્યું હતું પોલીસે ગુપ્ત ખાનામાં સંતાડેલ વિદેશી દારૂની પેટી નંગ-૫૦ બોટલ નંગ-૬૦૦ કીં.રૂ.૨૨૫૦૦૦/- નો જથ્થો જપ્ત કરી ટ્રક-કન્ટેનર ચાલક પ્રવીણ રાજપાલરાવ સ્વામી (હરિયાણા) ને ઝડપી પાડી ટ્રક કન્ટેનર,મોબાઈલ અને વિદેશી દારૂ મળી કુલ.રૂ.૧૨૨૭૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો

બાયડ પીઆઈ એન.જી.ગોહીલે ટ્રક ડ્રાઈવરની સઘન પૂછપરછ કરતા ટ્રક કન્ટેનરમાં હરિયાણા ઢાની લક્ષ્મણ વિસ્તારના ઠેકેદાર પ્રમોદ રણવીરસિંહ સ્વામીએ ભરી આપ્યો હતો અને બાયડના ઈશ્વર મોહન મારવાડી (સલાટ) ને મંગાવ્યો હોવાનું જણાવતા પીઆઈ પણ ચોકી ઉઠ્યા હતા

બાયડ પોલીસે ટ્રક ડ્રાઈવર પ્રવીણ રાજપાલરાવ સ્વામી,દારૂ ભરી આપનાર પ્રમોદ રણવીરસિંહ સ્વામી અને દારૂ મંગાવનાર બાયડના ઈશ્વર મોહન મારવાડી (સલાટ) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અને બંને બુટલેગરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## વિચાર વિમર્શઁ

મનુષ્ય હમેશા પોતાના સ્થુળ જીવન વિષે વધારે વિચારે છે. તેની ચિંતા માથી બહાર આવતો નથી. ભૌતિક સુખ ની વસ્તુઓ મેળવવા નિષ્ફળ ચિંતા, તબિયત ની ચિંતા, શરીર ને સાચવવું, જીવન નિર્વાઁહ કરવા ની ચિતા જીવન ની અનેક ઘટમાળ મા પસાર થવાનું. વગેરે હીણપત ભરયાઁ સવાલો મનુષ્ય ને દુઃખી કરે છે. આ બહુ નકામુ છે એક પાતળાં ધુમાડાજેવું છે. તે પરમાત્મા તરફ વળેલાં વિચાર ને વિખેરી નાખે છે

આવી વાસના ની ગુલામી મા મનુષ્ય સપડાયેલો છે. પરમાત્મા પ્રતિ માગઁમા તે અડચણ રૂપ બને છે. તે વાસના માથી નીકળવાનો એક માત્ર રસતો પરમાત્મા ની ભક્તિ છે. સતત તેનુ સ્મરણ વાસના માથી મુક્તિ અપાવે છે પરમાત્મા જ મનુષ્ ની દરેક ચિંતા માથી મુકત થવામાં મદદ કરે છે. ચિતા માથી મુકત થવાથી મનુષ્ય હળવો બને છે. અને જીવન સુખમય રીતે વિતાવી શકે છે. પ્રભુ ભક્તિ જ જીવન સુખમય જીવવાની સાચી ચાવી છે

શુભમ્ ભવતુ ભરત દવે




દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા નગર પાલિકા પ્રમુખ શ્રી દક્ષાબેન નાથાણી સામે અવિશ્વાસની દરખાસ્ત મૂકવામાં આવી હતી ૧૨ જેટલા સભ્યો ને સહિયારી સંયુક્ત કરી સહી કરી નગરપાલિકાના ચીફ ઓફિસર દિપસિંહ હટીલા ને સુપ્રત કરવામાં આવ્યું હતું ૧૦ મુદ્દા સાથે આપેલા અવિશ્વાસની દરખાસ્ત આજરોજ તારીખ ૧૫ ૧ ૨૦૨૧ આપવામાં આવતા બારીયા નગર તેમજ દાહોદ જિલ્લામાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બનેલ છે હવે જોવાનું રહ્યું ક્યાં આવ્યું અવિશ્વાસની દરખાસ્ત પસાર થશે કે કેમ? દેવગઢ બારિયાની નગરની જનતા આ મુદ્દે જોરશોરમાં ચર્ચાઓ ચાલી રહી છે હાલમાં : જતીન સોની. દાહોદ



આજરોજ મકરસંક્રાંતિ પર્વ ના શુંભ દિવસે દેવગઢ બારીયા રાજવી પરિવારના રાજમાતા ઉર્વશીદેવીજી (બા સાહેબ)તેમજ મહારાજા તુષારસિંહજી(બાબાસાહેબ) ના વરદ હસ્તે શ્રી રામ જન્મભૂમિ મંદિર ( અયોધ્યા )નિર્માણ નીધિ ૧૦૦૦૦૧/-(એક લાખ એક) આપી દાહોદ જિલ્લાના ના દેવગઢ બારીયા થી શુંભ શરૂઆત કરવામાં આવી જેમાં તાલુકા સંઘચાલક, જિલ્લા-તાલુકા અભિયાન પ્રમુખ તેમજ જિલ્લા-તાલુકા કાર્યવાહ તેમજ સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

જતીન સોની.(દેવગઢ બારિયા)દાહોદ

## કોવિડ વેક્શિન કોવિશિલ્ડના ૧૮ હજારથી વધુ ડોઝ બનાસકાંઠા ખાતે આવી પહોંચ્યા

# જિલ્લાના સરકારી તથા ખાનગી ક્ષેત્રના ૧૬ હજાર આરોગ્ય કર્મીઓને પ્રથમ તબક્કામાં કોવિશિલ્ડ વેક્શિન અપાશેઃ-સાંસદશ્રી પરબતભાઇ પટેલ

### જિલ્લા પંચાયત પાલનપુર ખાતે શ્રીફળ વધેરી વેક્સિનનું સ્વાગત કરાયું.

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આગામી તારીખ ૧૬ જાન્યુઆરીથી સમગ્ર દેશમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કોવિડ વેક્શિન આપવાનો પ્રારંભ કરાવવાનાં છે ત્યારે પાલનપુર જિલ્લા પંચાયત ખાતે આજે સાંજે- ૬:૪૫ કલાકે કોવિડ વેક્શિન કોવિશીલ્ડનાં ૧૮,૫૯૦ ડોઝ ગાંધીનગરથી આવી પોહોચ્યાં હતા. આ પ્રસંગે બનાસકાંઠાના સાંસદશ્રી પરબતભાઈ પટેલે શ્રીફળ વધેરી વેક્શિનના વધામણા કર્યા હતાં.

સાંસદશ્રી પટેલે મીડિયા સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે, કોરોના મહામારી આવ્યાં પછી સમગ્ર દેશ વેક્શિનની આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો ત્યારે આપણા સ્વદેશમાં બનેલી કોવિશિલ્ડ વેક્શિન પુનાથી આવી છે. જેનું રાજ્યના નાયાબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે એરપોર્ટ પર સ્વાગત કરી સમગ્ર રાજ્યમાં ફાળવી છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૧૬ મી તારીખે ૨૮૭ સ્થળો પર રસીકરણનો પ્રારંભ કરાવશે. જેમાં બનાસકાંઠાનાં ૧૧ સ્થળોનો સમાવેશ થાય છે.

પ્રથમ તબક્કામાં ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર એવા આરોગ્ય કર્મીઓ, આશા વર્કર બહેનો, આંગણવાડી કાર્યકરો, ડોકટરોને રસી આપવામા આવશે. તેમણે ઉમેર્યું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીભાઈ પટેલે કુનેહે વાપરીને કોરોના કાળમાં જે કામ કર્યુ છે. જેના લીધે કોરોનાનો મક્કમ મુકાબલો કરી શકાયો છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી વારકીબેન પારઘી, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતિ વર્ષાબા બારડ, અગ્રણી શ્રી મેરૂજી ધુખ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સી, ડૉ. હરિયાણી, એપેડેમિક મેડિકલ ઓફિસર ડૉ.



એન. કે. ગર્ગ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.અનાવાડિય સહિત આરોગ્યના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# નાંદોદ તાલુકાના કરાઠા ગામના બાઈક સવારનું ઉતરાયણ પર્વે ગળું કપાયું

રાજપીપળા, તા.૧૫

એક તરફ રાજપીપળા સહિત નર્મદા માં પતંગ પર્વ ઉલ્લાસભેર ઉજવાઈ રહ્યો હતો,ત્યારે બીજી તરફ નાંદોદ તાલુકાના કરાઠા ગામના બાઈક સવારો ઉતરાયણ પર્વે ગળુ કપાયેલી ઘટના ઘટવા પામી હતી.તથા રાજપીપળાના ૧૪ વર્ષીય કિશોર પતંગ ચગાવતાં ધાબા પરથી નીચે પટકાતા ગંભીર ઈજા થવાની ઘટના ઘટવા પામી હતી.બંને ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. બનાવની વિગત અનુસાર ઉતરાયણના દિવસે કરાઠા ગામના બાઈક સવાર નટુભાઈ રમણભાઈ વસાવા (ઉ.-૫૨, રહે, કરાઠા )પોતાની પત્ની સાથે કરાઠા થી બાઈક લઈને રાજપીપલા આવવા નીકળ્યા હતા.ત્યારે વડિયા પાસે પોંહચતા ચાલુ બાઇક પર સવાર થતા હતા ત્યારે તેમના ગાળામાં પતંગની ઘાતક દોરી નો ગાળીયો ગળામાં વીટળાઈ જતા તેમનું ગળુ કપાઈ જતા તેમને ગંભીર ઈજા થવા પામી હતી. અને લોહીલુહાણ થઇ જતાં આજુબાજુના નાગરિકો પૈકી એક જાગૃત નાગરિક અમિતભાઈ એ ત્વરિત ૧૦૮ની કોલ કર્યો હતો. જેના અનુસંધાને ૧૦૮ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ૧૦૮ ના ઈ એમ ટી રિંકલબેન તડવી અને પાયલોટ દિલીપભાઈ તડવી ઈજાગ્રસ્ત સ્થળ પર પ્રાથમિક સારવાર કરી નટુભાઈ ને વધુ સારવાર માટે રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા.

જયારે બીજો બનાવ રાજપીપળા જકાતનાકા પાસે તુલસીધામ સોસાયટી માં રહેતા હાર્દિકભાઈ દસરથભાઈ વસાવા (ઉ -૧૪) કિશોર પતંગ ચાગાવતો હતો ત્યારે ધાબા પર થી નીચે પટકાતા તેને માથામાં ગંભીર ઈજા થઇ હતી. આ અંગે નો ૧૦૮ ને કોલ આવતા ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.અને તાત્કાલિક ઈજાગ્રસ્તને રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં ખસેડી સારવાર આપી હતી.

રિપોર્ટઃ જયોતિ જગતાપ,રાજપીપળા

# કાંકરેજ તાલુકાના નગોટ ગામે ડે ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું




બનાસકાંઠા કાંકરેજ તાલુકાના નગોટ ગામે સમસ્ત નાગોર યુવક મંડળ દ્વારા શ્રી ભોલેનાથ ક્રિકેટ સ્ટેડિયમમાં ડે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉતરાયણના દિવસે રીબીન કાપી ક્રિકેટ ની શરૂઆત કરવામાં આવી હતી ત્યારે ક્રિકેટ પ્રેમીઓમાં ઉષા જોવા મળ્યો હતો પધારેલા આમંત્રિત મહેમાન બનાસકાંઠા જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ ભુપતજી એન ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય બચુજી વી ઠાકોર.. જિલ્લા સદય બલાજી ડી ઠાકોર, ડી.ડી જાલેરા પ્રમુખ ઠાકોર સેના બનાસકાંઠા, રમેશજી ઠાકોર પ્રમુખ ઠાકોર સેના કાંકરેજ.. તાલુકા સદય પ્રતાપજી ઠાકોર, વડા સરપંચ નરેશજી, દુગરાસણ માજી સરપંચ વિક્રમજી ઠાકોર, સામાજિક અગ્રણી યુવા આગેવાન ઠાકોર અરવિજી ડી રતનપુરા શિ... સમસ્ત નગોટ પરિવારે આવેલા આમંત્રિત મહેમાનો ને ફુલહાર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું અને ક્રિકેટની શુભ શરૂઆત કરી હતી...

(રિપોર્ટરઃ- બનાસકાંઠા બ્યુરો)

# નાંદરખા ગામના યુવાનોએ ગૌશાળા માટે ત્રણ લાખનું દાન એકત્રિત કર્યું

ઉતરાણના બીજા દિવસે લોકો જલેબી ફાફડા ઊંધિયું તથા અલગ અલગ વેરાઈટી ની ચીકી ની મજા માણી રહ્યા હતા ત્યારે માણાવદર તાલુકાના નાંદરખા ગામના યુવાનો રાજકોટ જય ને અલગ અલગ જગ્યાએ ગૌમાતાના દાન અર્થે મંડપો નાખી અને સતત ખડે પગે રહી ગાયો માટે દાન એકત્ર કરતા હતા સાથે સાથે નાંદરખા ગામના વતની હાલ રાજકોટ સ્થિત યુવાનોએ પોતાના કામ ધંધા છોડી ને અમોને તન મન ધનથી પૂરેપૂરો સાથ સહકાર આપી અને અમારી ગૌશાળાને રૂપિયા ૨૯૩૦૦૦/-બે લાખ ત્રાણુ હજાર એકત્ર કરી આપેલ છે તે બદલ હું નાંદરખા ગામના સરપંચ કે.ડી લાડાણી તથા ગૌશાળા પ્રમુખશ્રી લાલજીભાઈ ચનિયારા તમામ લોકોનો આભાર વ્યક્ત કરીએ છીએ ભવિષ્યમાં પણ આપનો બધાનો આવો ને આવો સાથ સહકાર મળી રહે

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

## મધ્યપ્રદેશના જાંબુઆ ખાતે

# આદિવાસી એકતા સાંસ્કૃતિક મહાસંમેલનમાં કેવડિયા બચાવો,આદિવાસી બચાવોના નારા લાગ્યા

રાજપીપળા, તા. ૧૫

મધ્યપ્રદેશના જાંબુઆ ખાતે ૨૮માં આદિવાસી એકતા સાંસ્કૃતિક મહાસંમેલન યોજાયું હતું.જેમાં મોટી સંખ્યામાં નર્મદા જિલ્લાના આદિવાસીઓ ઉમટી પડ્યા હતા.જેમાં ગેટની બહાર નર્મદા જિલ્લાના આદિવાસીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્લેકાર્ડ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમા કેવડિયા બચાવો,આદિવાસી બચાવો ના નારા લગાવ્યા હતા.




ખાસ કરીને કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિકાસની સાથે આદિવાસીઓ સાથે અન્યાય થઈ રહ્યો છે. તે બાબતે વિરોધ પ્રદર્શન કર્યું હતું.જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિકાસ સાથે અન્યાય થઈ રહ્યો છે.તે બાબતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જય મા સ્ટેચ્યુ ઓફ યુનિટી ના વિકાસ ને સમાંતર આદિવાસીઓની રોજગારી સિલવાઈ જવા બાબત, સ્થાનિકોના લારી ગલ્લા ઉપર બુલડોઝર ફેરવવા બાબત,તેમજ આદિવાસીઓની જમીન વિસ્તારમાં તાર ફેન્સીંગ વાડ કરવા બાબત,તેમજ આદિવાસીઓની જમીન અને તેને પૂરતું યોગ્ય વળતર ન આપવા બાબત અને લોકડાઉનમાં આદિવાસી મહિલાઓ ઉપર પોલીસ દ્વારા લાઠીચાર્જ કરી દમન અત્યાચાર ગુજારવા બાબત તેમજ એસ.ઓ.જી સત્તા મંડળ જેવા મુદ્દા ઉપર આદિવાસીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.આમ જાંબુઆ એકતામાં સંમેલનમાં પણ આદિવાસીઓ નો પ્રશ્ન ચમક્યો હતો. આ મુદ્દે આદિવાસીઓ એક થયા હતા.અને જરૂર પડે આદિવાસીઓને અન્યાય અને હક્કો સામે લડી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# કોરોના વિરોધી રસીનું રાજપીપળા આગમન, જિલ્લાને ૫૨૦૦ ડોઝ મળ્યા



રાજપીપળા, તા.૧૫

આજરોજ કોરોના વિરોધી રસી વડોદરા ખાતેના ઝોનલ વેક્સિન સ્ટોર માંથી રાજપીપળા ખાતેના વેક્સિન અને ડ્રગ સ્ટોરમાં આવેલ.નર્મદા જિલ્લા ખાતે ૫૨૦૦ ડોઝ આપવામાં આવેલ. જેમાંથી પ્રથમ હેલ્થ કેર વર્કરને રસી આપવામાં આવશે. તા.૧૬/૧/૨૧ ના રોજ પ્રધામંત્રી દ્વારા વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવશે.નર્મદા જિલ્લા ખાતે ૩ સેસન સાઈટ નક્કી થયેલ છે.રસીના સ્વાગત માટે ડો. કે.પી. પટેલ સીડીએચઓ , ડો.વિપુલ ગામીત એડીએચઓ, ડો. સુમન તાલુકા આરોગ્ય અધિકારી, જિલ્લા ફાર્માસિસ્ટ, ડીપીસી , ડીપીએમસીસી તેમજ જિલ્લાના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

## પંડિત દીન દયાળ ઉપાધ્યાય યુનિવર્સિટી, ગોરખપુર ખાતે

# કામધેનુ ચેર તથા કામધેનુ ગૌવિજ્ઞાન પ્રચાર–પ્રસાર પરીક્ષા અંગે ડો.કથીરીયાએ માર્ગદર્શન આપ્યું

પંડિત દીન દયાળ ઉપાધ્યાય યુનિવર્સિટી, ગોરખપુર ખાતે ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગના અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયાએ પંડિત દીન દયાળ ઉપાધ્યાય યુનિવર્સિટી, ગોરખપુર ના કુલપતિ શ્રી રાજેશસિંહજી અને વિવિધ વિભાગના અધ્યક્ષો સાથે કામધેનુ ચેરની સ્થાપના અને તેના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી. કામધેનુ ગૌ વિજ્ઞાન પ્રચાર પ્રસાર પરીક્ષા ઉપર પણ ચર્ચા કરી હતી. આ તબકકે ડો. કથીરિયાએ ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી કેવી રીતે આત્મનિર્ભર બની શકાય તે સહિતનાં વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે હાલમાં ગોબરમાંથી ઘડીયાળ, કિચેન, દેવી–દેવતાઓની મૂર્તિ અને ગૌમૂત્રમાંથી બાયોગેસ, લીકવીડ વગેરે બનાવીને ગૌશાળા–પાંજરાપોળો–પશુપાલકોને આત્મનિર્ભર બનાવવાનો પુરૂષાર્થ દેશનાં અનેક રાજયોમાં સફળતા પુર્વક શરૂ થઈ ગયો છે જેના દ્વારા લોકોને મોટા પ્રમાણમાં રોજગારી પણ આપી શકાય છે. પંડિત દીન દયાળ ઉપાધ્યાય યુનિવર્સિટીએ કામધેનુ ચેર તાત્કાલિક સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે. પંડિત દીન દયાળ ઉપાધ્યાય યુનિવર્સિટી, ગોરખપુર ના કુલપતિ શ્રી રાજેશસિંહજીએ ગાય અને ગાય તેમજ ગૌ ઉત્પાદનોનું વૈજ્ઞાનિક રૂપે સંશોધનો કરી તેમજ ગૌ ઉત્પાદનોનો વધુ રોજીદા જીવનમાં ઉપયોગ કરી શકાય તેના વિશે ચર્ચા કરી હતી.

## જાગૃત નાગરિકોમાં આનંદ

# ભિલોડા ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર થતો હોવાની બૂમો વચ્ચે અધિકારીઓનો તાપસનો ધમધમાટ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક હોવા છતાં વિકાસથી વંચીત રહ્યો છે ગ્રામ પંચાયત સંચાલીત ભિલોડા નગરનો વહીવટ ખાડે ગયો હોય તેમ વિકાસ થંભી જતા અને વિકાસની ગ્રાન્ટમાંથી મોટાપાયે ભ્રષ્ટાચાર થતો હોવાના વારંવાર બૂમો ઉઠી રહી છે ત્યારે ભિલોડા ગ્રામ પંચાયતમાં ૧૪ માં નાણાંપંચની ગ્રાંટ અંગે જીલ્લા કક્ષાએથી ટીમ પહોંચી તપાસનો ધમધમાટ શરૂ થતા જાગૃત નાગરિકોમાં આનંદ છવાયો છે તપાસની ટીમ કુલડીમાં ગોળ તો નહી ભાંગેની ચર્ચા હાલ ભિલોડા નગરમાં ચાલી રહી છે ભિલોડા નગરમાં વિકાસની ગ્રાન્ટ માંથી નિર્માણ થતા રોડના કામોમાં અને રોડ રિસર્ફેશની કામગીરીમાં કોન્ટ્રાકટરો તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ અને નેતાઓ સાથે મીલીભગત કરી ભારે ભ્રષ્ટાચાર આદરી રોડના કામમાં જાણે લોટ, લાકડું અને પાણી વપરાતા હોય તેવા રોડ બનાવ્યાના થોડાક જ મહિનાઓમાં રોડ તૂટી જતા હોવાની બૂમો ઉઠી રહી છે થોડા સમય અગાઉ પૂર્વ સરપંચ ભીખાભાઇ ભાટીયા અને જાગૃત




નાગરિકો ગ્રામ પંચાયત આગળ ગ્રામ પંચાયત દ્વારા થતા ભ્રષ્ટાચાર સામે જંગ છેડી પ્રતીક ઉપવાસ પર ઉતર્યા હતા જેને પગલે તંત્ર દોડતું થયું હતું ત્યારે વાસી ઉત્તરાયણના દિવસે ભિલોડા ગ્રામ પંચાયતમાં નગરના વિકાસ માટે ફાળવેલ ૧૪માં નાણાંપંચની ગ્રાન્ટના કામોની સમીક્ષા કરવા અને કામોની તપાસ માટે જીલ્લા કક્ષાએથી ટીમ પહોંચી તપાસનો ધમધમાટ શરૂ થતા જાગૃત નાગરિકોમાં આનંદ છવાયો છે ભિલોડા નગરમાં લોકમુખે ચર્ચાતી ચર્ચા મુજબ વર્ષે દહાડે ભિલોડા નગર માટે કરોડો રૂપિયાની વિકાસના કામોની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે પણ આ ગ્રાંટમાંથી નગરનો વિકાસ ઓછો અને અધિકારીઓ અને પદાધિકારીઓના ખિસ્સાનો વિકાસ વધુ થઇ રહ્યો હોવાનું અને ભિલોડા તાલુકા પંચાયત અને માર્ગ મકાન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સામે એસીબી દ્વારા તપાસ હાથધરવામાં આવે તો કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓની અપ્રમાણસર સંપત્તિ મળી આવી શકે છે

ભિલોડા ગ્રામ પંચાયતમાં ૧૪ માં નાણાપંચની ગ્રાંટ અને વિકાસના કામોની તપાસ જીલ્લા કક્ષાએથી હાથધરાતા આ અંગે જીલ્લા વિકાસ અધિકારી અનીલ ધામેલીયા સાથે ટેલિફોનિક પુછપરછ કરતા તેમને જણાવ્યું હતું કે આ એક રૂટીન તપાસ છે અને તપાસ દરમિયાન વિકાસની ગ્રાન્ટ કે કામમાં કોઈ પણ વાંધાજનક જણાશે તો વધુ તપાસ હાથધરી તે દિશામાં કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું

# તિલકવાડા તાલુકાના રેંગણ ગામેથી પતંગના દોરાથી ઘુવડપક્ષી ગંભીર રીતે ઘવાયું

રાજપીપળા, તા ૧૫

ઉતરાણ પર્વેતિલકવાડા તાલુકાના રેંગણ ગામેથી પતંગના દોરામા ઘુવડપક્ષીફસાઈ જાતા તે ગંભીર રીતે ઘવાયું હતું. આ અંગે તિલકવાડાના સામાજિક વનીકરણ વન વિભાગને માહિતી મળી હતી કે રૈંગણ ગામે પતંગના દોરામાં એક ઘુવડ પક્ષી ફસાઈ ગયું હતું..જેની જાણ થતાં ફોરેસ્ટર સોમભાઈ તેમના સ્ટાફ સાથે સ્થળ પર પહોંચી ને ઘાયલ ઘુવડ ને તિલકવાડા પશુ-દવાખાનામાં લઈ આવ્યા હતા જ્યાં પશુ ચિકિત્સક દ્વારા સારવાર આપવામાં માં આવી હતી

આ અંગેપ્રાણી અત્યાચાર ક્રૂરતા નિવારણ ટીમ ના નીરવ તડવી સાથે વાત કરતા તેમને જણાવ્યું હતું આ ઘુવડ Eurasian eagle-owl પ્રજાતી નું હતું.જેને ગુજરાતીમાં મોટો ઘુવડ કે પથ્થરાળ ઘુવડ તરીકે ઓળખવામાં આવે છે..આ ઘુવડ ની પ્રજાતીનો ઉપયોગ તાંત્રિક વિધીમાં થવાને લીધે આ પ્રજાતી નામ શેષ થવા ના આરે છે..ય્જીંઝછ ટીમ દ્વારા ગુજરાત ના અલગ અલગ વિસ્તારમાં રેસ્ક્યૂ કરી દુલભ પ્રજાતી ના ઘુવડ ને બચાવી લેવામાં આવ્યા હતા.. નીરવ તડવીએ અપીલ કરતા જણાવ્યું હતું કે આપણી આજુબાજુ આવું કોઈ વન્યજીવ ધ્યાલ અવસ્થામાં દેખાઈ તો તત્કાલીક વન વિભાગને જાણ કરવી

તસવીરઃ જયોતિ જગતાપરાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK